ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને રાહતદરથી
જમીન આપવા બાબત

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક : જમન/૩૯૯૯/યુઓઆર–૧૪/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૬ –૩–૨૦૦૭

વંચાણે લીધા :
મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : જમન–૩૯૯૯–યુઓઆર–૧૪–અ તા. ૬–૯–૯૯

પરિપત્ર :

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને રાહતદરથી જમીન આપવા અંગે ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવથી જોગવાઈ કરવામાં આવેલ છે.

આ ઠરાવ અન્વયે જે કેસોમાં સંબંધિત કાઉન્સીલની મંજુરી/માન્યતા એક વર્ષમાં મેળવી લેવાની શરતે જમીન મંજુર કરવામાં આવેલ હોય તે કેસોમાં આ શરતનું પાલન થાય છે કે કેમ તે અંગે મોનીટરીંગ થતું રહે તેવી વ્યવસ્થા ઉભી કરવા સૂચન થયેલ છે.

આ સૂચનના અમલ માટે નીચે જણાવેલ સૂચના આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) દરેક જિલ્લા કલેકટર કચેરીમાં આવા કેસોનું એક રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૨) એક વર્ષમાં સંબંધિત કાઉન્સીલની મંજુરી મેળવાયેલ છે તેની ખાત્રી કરવાની રહેશે.

(૩) જો એક વર્ષમાં સંબંધિત કાઉન્સીલની મંજુરી મેળવવામાં આવેલ ન હોય તો શરતભંગની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મુકેશ મોદી)
ઉપસચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર